RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)
Research Paper
Available online at: www.rhimrj.com

# પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેના સંબંધનો અભ્યાસ

ડૉ.હિતેશ પી.પટેલ
આચાર્ય
બાવીસગામ બી.એડ્.કોલેજ
વલ્લભ વિદ્યાનગર

***સારાંશ :*** *પ્રસ્તુત સંશોધન પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવા માટે હાથ ધરવામાં આવેલ છે. સહેતુક નમૂનાની પદ્ધતિથી ૩૭ પુરુષ પ્રશિક્ષકો અને ૬૩ મહિલા પ્રશિક્ષકો એમ કુલ ૧૦૦ પાત્રોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આત્મ સમ્માનનું માપન કરવા માટે એન.જે પટેલ રચિત આત્મ સમ્માન માપદંડ અને અધ્યાપન વિશ્વાસનું માપન કરવા માટે સંશોધક રચિત અધ્યાપન વિશ્વાસ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કાર્લ પિયર્સનની પદ્ધતિથી સહસંબંધ શોધી કરવામાં આવ્યું છે. પ્રસ્તુત સંશોધન તારણો;પૂર્વસેવાકાલીન મહિલા પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે સાધારણ સહસંબંધ છે.અનુસ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન શિક્ષકાઓના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે સાધારણ સંબંધ છે.*

***ચાવીરૂપ શબ્દો :*** *પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકો, આત્મ સમ્માન, અધ્યાપન વિશ્વાસ.*

## પ્રસ્તાવના :

કોઈપણ દેશના વિકાસનો આધાર તે દેશના શિક્ષણ પર જ રહેલો છે. આ સંદર્ભમાં શિક્ષણ આપનાર શિક્ષક એ સમાજનો મશાલચી છે. પરિવ્રાજક છે આવું કહેવામાં શિક્ષકની ગરિમા જળવાય છે. પરંતુ આવું તે જ શિક્ષક માટે કહી શકાય છે કે જે આધુનિકતાના મૂલ્યો સાથે જીવતો હોય, આત્મ-સમ્માનિત હોય. શાળામાં જતાં શિક્ષકમાં એકવાર તેના આત્મ સમ્માનની લાગણીમાં ઓટ આવે અને એ ઘર કરી જાય તો એના વિષચક્રમાં એ ફસાય જાય છે. પરિણામે આત્મ સમ્માનની લાગણીની ઓટની નબળાઇને વધુ દ્રઢ કરતો જાય છે અને આ બાબત તેના વ્યવસાયમાં અન્ય સાથેના તેના સંબંધમાં, વર્ગ-વ્યવહારમાં નિષ્ફળતા અપાવે છે.તેના દ્વારા થતી અધ્યયન- અધ્યાપન પ્રક્રિયા પણ નિમ્ન કક્ષાની જ રહે છે. આ રીતે તે પોતાની જાતને લાયકાતહીન સાબિત કરે છે.

આ વિષચક્રને આત્મ-સમ્માનથી જ તોડી શકાય છે. ઉચ્ચ આત્મ સમ્માન વિકસાવવાની ભાવના જીવનને વિકાસ તરફ દોરી જાય છે.જે વધુ સંતોષકારક કાર્ય, અન્ય સાથે મજબૂત સંબંધો પ્રસ્થાપિત કરે છે. આત્મ સમ્માનની કળા વ્યકિતને પોતાની આંતરિક સામર્થી પર જીવતા શીખવે છે. સ્વપ્ન ને સાકાર કરવાની તમન્ના અને સફળ થવાશે જ એવો આત્મવિશ્વાસ માનવમાં રહેલી સુષુપ્ત શકિતઓને પ્રગટાવે છે. આત્મવિશ્વાસના ઘડતરમાં પણ આત્મ સમ્માન મહત્વની ભૂમિકા ભજવે છે.

પ્રસ્તુત સંશોધન પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવા માટેનું છે. આત્મ સમ્માનની અધ્યાપન વિશ્વાસ પર શું અસર થાય છે? તેમની વચ્ચે કેવો સંબંધ છે? વગેરે જેવી કુતુહલ વૃત્તિને સંતોષવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

## અભ્યાસનું મહત્વ :

વ્યકિતએ પોતાના વિશેનો જે ખ્યાલ ઉભો કર્યો છે તેનો નિર્ણય એટલે આત્મ સમ્માન.આત્મ સમ્માન વ્યકિતની મહત્વકાંક્ષા, સર્જનશીલતા અને અન્ય વ્યકિતઓ સાથેના સંબંધને પણ અસર કરે છે. આત્મ-સમ્માનએ વ્યકિતના પોતાના વલણો પર આધાર રાખે છે.ઉચ્ચ આત્મ પ્રતિષ્ઠા, આત્મ સમ્માન ધરાવનારી વ્યકિત પોતાની જવાબદારી સ્વીકારતી થાય છે તથા તેઓની મક્કમતા તથા કાર્યદક્ષતા પણ વધે છે. એ લોકો આશાવાદી હોય છે અને બીજા સાથેના એમના સંબંધો ખૂબ હૂંફ ભરેલા હોય છે તથા જીવન પરિપૂર્ણ હોય છે.

જ્યારે નિમ્ન આત્મ પ્રતિષ્ઠા, આત્મ સમ્માન ધરાવનારી વ્યકિતનું વર્તન અજુગતું હોય છે. એમના સ્વભાવ મુજબ તેઓ હંમેશા બીજાની ભૂલો જ કાઢતા હોય છે. આમ એ તે એ રીતે ટીકા કરતાં હોય છે કે કોઇ સ્પર્ધાનું આયોજન થયું હોય અને એમણે એ સ્પર્ધા જીતવાની હોય. આવા વ્યકિત અહંકારી અને ઉદ્ધત હોય છે અને પોતાને સર્વગુણ સંપન્ન માનતી હોય છે.

ટૂંકમાં, આત્મ સમ્માન એ એક અનુભવ છે. અમુક બાબતો સારી છે જે આપણે કરી છે, સ્વીકારી છે, એની જાણ બાદ થનારો અનુભવ એટલે આત્મ સમ્માન.

અધ્યાપન વિશ્વાસ એટલે અધ્યાપનકાર્ય દરમ્યાન શિક્ષકમાં જોવા મળતો આત્મવિશ્વાસ.ભવિષ્યની દષ્ટિએ જોતા મહદ્અંશે સંખ્યાત્મક અને જ્ઞાનાધારિત શૈક્ષણિક કાર્યક્રમો હવે ચાલી શકશે નહી. હવે વિદ્યાર્થીને તેના જીવનકાળના પ્રારંભે જ્ઞાનનો એક જથ્થો પુરો પાડવામાં આવે અને પછી તે જીવનભર ઉપયોગ કરતાં રહે તે વાત ચાલશે નહી. તેથી શિક્ષકે વધુ સુસજ્જ થવું પડશે. જેથી તે વર્ગમાં વિશ્વાસપૂર્વક અધ્યાપન કાર્ય કરી શકે. શિક્ષકે પોતાનામાં આત્મવિશ્વાસ કેળવાય તે માટે વિષય-વસ્તુ પર પ્રભુત્વ, પૂરક વાંચન, વિવિધ વિષયોનું જ્ઞાન, હકારાત્મક વલણ, શૈક્ષણિક ટેક્નોલોજીની જાણકારી, શિક્ષણકાર્યના વિવિધ કૌશલ્યો પર પ્રભુત્વ, વિદ્યાર્થી-શિક્ષક વચ્ચેનો સંબંધ, શૈક્ષણિક મનોવિજ્ઞાનની જાણકારી વગેરે પરિબળોને આત્મસાત્ કરવા પડશે શિક્ષકમાં અધ્યાપન વિશ્વાસ હોય તો જ તે વર્ગમાં સરળતાથી અસરકારક અધ્યાપન કરી શકે છે.

**સંશોધનના હેતુઓ :**

(૧) પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
(૨) પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેના સંબંધનો જાતિના સંદર્ભમાં અભ્યાસ કરવો.
(૩) પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેના સંબંધનો શૈક્ષણિક લાયકાતના સંદર્ભમાં અભ્યાસ કરવો.

**સંશોધનની ઉત્કલ્પનાઓ :**

(૧) પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.
(૨) પૂર્વસેવાકાલીન પુરુષ પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.
(૩) પૂર્વસેવાકાલીન મહિલા પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.
(૪) સ્નાતક પદવી ધરાવતા પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.
(૫) અનુસ્નાતક પદવી ધરાવતા પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.

**નિદર્શ :**

પ્રસ્તુત સંશોધનમાં સહેતુક નમૂના પદ્ધતિથી નમૂનાની પસંદગી કરવામાં આવી હતી. જેમાં ૩૭ પુરુષ પ્રશિક્ષકો અને ૬૩ મહિલા પ્રશિક્ષકો એમ કુલ ૧૦૦ પાત્રોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સંશોધન પધ્ધતિ** :

પ્રયુક્ત સંશોધન એ સર્વેક્ષણ પ્રકારનું છે.

**માહિતીનું એકત્રીકરણ**

સંશોધકે બાવીસગામ બી.એડ્ કોલેજના પ્રશિક્ષકોને માપદંડ આપીને માહિતીનું એકત્રીકરણ કર્યુ હતું. ત્યાર બાદ તેનું ગુણાંકન કરવામાં આવ્યું હતું.

**અંકશાસ્ત્રીય પ્રયુક્તિ**

પ્રસ્તુત સંશોધનમાં એકત્રીત માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન કરવા માટે આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેનો સહસંબંધ કાર્લ પિયર્સનની પદ્ધતિથી શોધી શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી કરવામાં આવી હતી.

**માહિતી એકત્રીકરણના સાધનો**

પ્રસ્તુત સંશોધનમાં માહિતીનું એકત્રિકરણ કરવા માટે એન.જે.પટેલ દ્વારા રચિત આત્મ સમ્માન માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જેમાં કુલ ૩૦ કલમો સમાવિષ્ટ હતી. અધ્યાપન વિશ્વાસનું માપન કરવા માટે સંશોધક રચિત અધ્યાપન વિશ્વાસ માપદંડનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.જેમાં કુલ ૩૦ કલમો સમાવિષ્ટ હતી.

**માહિતીનું પૃથક્કરણ અને વિશ્લેષણ** :

૧. પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.

*2016, RHIMRJ, All Rights Reserved*

*ISSN:* 2349-7637 (Online)

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે મળેલ સહસંબંધ સારણી -૧ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી : ૧**

પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેનો સહસબંધાંક

| ક્રમ | ચલોનું જૂથ | 'r' | રીર્માક |
|---|---|---|---|
| ૧ | આત્મ-સમ્માન | ૦.૩૯ | ઓછો હકારાત્મક સહસંબંધ |
| ૨ | અધ્યાપન વિશ્વાસ | | |

સારણી : ૧ માં દર્શાવ્યા મુજબ પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે હકારાત્મક સહસંબંધ છે. જેનો સહસંબંધાંક ૨ = ૦.૩૯ છે.તેથી પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે ઓછો સહસંબંધ છે.

૨. પૂર્વસેવાકાલીન પુરુષ પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે મળેલ સહસંબંધ સારણી -૨ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી : ૨**

પૂર્વસેવાકાલીન પુરુષ પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેનો સહસબંધાંક

| ક્રમ | ચલોનું જૂથ | 'r' | રીર્માક |
|---|---|---|---|
| ૧ | આત્મ-સમ્માન | ૦.૬૨ | સાધારણ હકારાત્મક સહસંબંધ |
| ૨ | અધ્યાપન વિશ્વાસ | | |

સારણી : ૨ માં દર્શાવ્યા મુજબ પૂર્વસેવાકાલીન પુરુષ પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે હકારાત્મક સહસંબંધ છે. જેનો સહસંબંધાંક ૨ = ૦.૬૨ છે.તેથી પૂર્વસેવાકાલીન પુરુષ પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે સાધારણ સહસંબંધ છે.

૩. પૂર્વસેવાકાલીન મહિલા પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે મળેલ સહસંબંધ સારણી -૩ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી : ૩**

પૂર્વસેવાકાલીન મહિલા પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેનો સહસબંધાંક

| ક્રમ | ચલોનું જૂથ | 'r' | રીર્માક |
|---|---|---|---|
| ૧ | આત્મ-સમ્માન | ૦.૩૧ | ઓછો હકારાત્મક સહસંબંધ |
| ૨ | અધ્યાપન વિશ્વાસ | | |

સારણી :૩ માં દર્શાવ્યા મુજબ પૂર્વસેવાકાલીન મહિલા પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે હકારાત્મક સહસંબંધ છે. જેનો સહસંબંધાંક ૨ = ૦.૩૧ છે.તેથી પૂર્વસેવાકાલીન મહિલા પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે ઓછો સહસંબંધ છે.

૪. સ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સહસંબંધ નહી હોય.

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે મળેલ સહસંબંધ સારણી -૪ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી : ૪**

સ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેનો સહસબંધાંક

| ક્રમ | ચલોનું જૂથ | 'r' | રીર્માક |
|---|---|---|---|
| ૧ | આત્મ-સમ્માન | ૦.૨૨ | ઓછો હકારાત્મક સહસંબંધ |
| ૨ | અધ્યાપન વિશ્વાસ | | |

સારણી : ૪ માં દર્શાવ્યા મુજબ સ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે હકારાત્મક સહસંબંધ છે. જેનો સહસંબંધાંક ૨ =૦.૨૨ છે.તેથી સ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે ઓછો સહસંબંધ છે.

૫. અનુસ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસના પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક સંબંધ નહી હોય.

ઉપરોક્ત ઉત્કલ્પનાની ચકાસણી માટે મળેલ સહસંબંધ સારણી -૫ માં દર્શાવવામાં આવેલ છે.

**સારણી :૫**

અનુસ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચેનો સહસબંધાંક

| ક્રમ | ચલોનું જૂથ | 'r' | રીર્માક |
|---|---|---|---|
| ૧ | આત્મ-સમ્માન | ૦.૪૬ | સાધારણ હકારાત્મક સહસંબંધ |
| ૨ | અધ્યાપન વિશ્વાસ | | |

સારણી : ૫ માં દર્શાવ્યા મુજબ અનુસ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે હકારાત્મક સહસંબંધ છે. જેનો સહસંબંધાંક ૨ = ૦.૪૬ છે.તેથી અનુસ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે સાધારણ સહસંબંધ છે.

**અભ્યાસના તારણો :**

પ્રસ્તુત સંશોધનના નીચે મુજબના તારણો હતા.

(૧) પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે ઓછો સહસંબંધ છે.

(૨) પૂર્વસેવાકાલીન પુરુષ પ્રશિક્ષકોનાઆત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે ઓછો સહસંબંધ છે.

(૩) પૂર્વસેવાકાલીન મહિલા પ્રશિક્ષકોના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે સાધારણ સહસંબંધ છે.

(૪) સ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન શિક્ષકાઓના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે ઓછો સહસંબંધ છે.

(૫) અનુસ્નાતક પદવી ધરાવતાં પૂર્વસેવાકાલીન શિક્ષકાઓના આત્મ-સમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે સાધારણ સંબંધ છે.

**ઉપસંહાર :**

પ્રસ્તુત સંશોધનના તારણોમાં પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોના આત્મસમ્માન અને અધ્યાપન વિશ્વાસ વચ્ચે સાધારણ હકારાત્મક સહસંબંધ જોવા મળેલ છે.પ્રશિક્ષણ કોલેજોમાં સેમિનાર,કાર્યશિબિરો અને વ્યાખ્યાનનું આયોજન કરી પૂર્વસેવાકાલીન પ્રશિક્ષકોમાં પોતાના વ્યવસાય પ્રત્યેના ગૌરવનું વલણ કેળવાય, શિક્ષકની ભૂમિકાની મહત્તાના ખ્યાલનો વિકાસ કરી, આત્મસમ્માનિત કરવાના પ્રયાસો હાથ ધરવા જોઇએ જેથી શિક્ષક અને શિક્ષણની ગુણવત્તામાં સુધાર લાવી શકાય.

**સંદર્ભ સૂચિ**

૧. દેસાઇ કે.જી (૧૯૯૨), સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ (પાંચમી આવૃતિ)અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૨. દેસાઇ કે.જી (૨૦૧૩), મનોવૈજ્ઞાનિક માપન અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૩. શાહ અરવિંદ (૨૦૦૭), સંશોધન પધ્ધતિઓ અને આંકડાશાસ્ત્ર (પ્રથમ આવૃતિ) અમદાવાદ:ડિવાઇન
૪. પબ્લિકેશન.
૫. શાહ દિપીકા બી.(૨૦૦૪),શૈક્ષણિક સંશોધન અમદાવાદ :યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૬. ત્રિવેદી મનુભાઇ ડી.અને પારેખ બી.યુ,(૧૯૮૯)શિક્ષણમાં આંકડાશાસ્ત્ર ,અમદાવાદ :યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.
૭. ઉચાટ ડી.એ, (૧૯૮૮),સંશોધનનું સંદોહન,રાજકોટ :શિક્ષણશાસ્ત્ર ભવન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.